DPE/NITI/e-file/105/2026/4429/K-NITI
ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તાઃ- E Sign મુજબ

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** તાઃ- ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મંજૂર થયેલ પ્રાથમિક શિક્ષક મહેકમ અનુસાર **વધ-ઘટ બદલી કેમ્પ**નું આયોજન કરવા બાબત.

**સંદર્ભઃ-**૧.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તાઃ-૧૧/૦૫/૨૦૨૩
૨.શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/ ૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તાઃ- ૦૨/૦૬/૨૦૨૩
૩.શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/ ૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તાઃ- ૦૫/૦૭/૨૦૨૩
૪. શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/ ૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તાઃ- ૦૮/૦૮/૨૦૨૪

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી અને વખતોવખતના સુધારા ઠરાવથી વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના બદલી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે આ કચેરીના તાઃ-૨૭/૦૮/૨૦૨૬ ના કચેરી આદેશથી તાઃ-૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ અનુસાર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતાં વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ બદલી કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવે છે.વધ-ઘટ બદલી કેમ્પમાં સંદર્ભદર્શિત ઠરાવનો અભ્યાસ કરી લાગુ પડતી જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | વધ-ઘટ બદલી કેમ્પ | તાઃ- ૦૭/૦૯/૨૦૨૬ |

શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના **પ્રકરણ-એચ** ની જોગવાઈઓને ધ્યાને લઈ ચાલુ વર્ષે તાઃ-૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મંજુર કરેલ મહેકમ કરતાં વધારાના ફરજ બજાવતાં વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને વધ ગણી વધ પડતાં વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ કેમ્પમાં હુકમ કરવાના રહેશે.

તાઃ-૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ મંજુર મહેકમ મુજબ વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને જિલ્લામાં સરભર કર્યા બાદ જે જિલ્લામાં શિક્ષકો વધ પડતા હોય તો વધ ઘટ કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સંદર્ભદર્શિત ઠરાવના **પ્રકરણઃ- એચ (૧૯)**માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ પરિશિષ્ટ-૪ મુજબ વિભાગ/વિષયવાર ખાલી રહેતી જગ્યાની વિગતો તાઃ-૦૫/૦૯/૨૦૨૬ સુધીમાં આ કચેરીને મોકલી આપવાની રહેશે.

**વધ-ઘટ બદલી કેમ્પ અંતર્ગત જે શિક્ષકોની વધથી બદલી થાય છે તેવા તમામ શિક્ષકોની બદલી અંગેની અસર Teachers Portal પર આપવાની રહેશે અને હુકમ મુજબ સેવાકીય વિગતો અપડેટ કરવાની રહેશે. વિગતો અપડેટ ન કરવાના કિસ્સામાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત DPEO/AO ની રહેશે.**

વધુમાં, આપના જિલ્લા/નગરમાં જે શિક્ષકોની જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી/જિલ્લાફેર બદલીમાં બદલીનો હુકમ થયેલ છે પરંતુ સંદર્ભદર્શિત ઠરાવ-૧ ના **પ્રકરણ-એફ** માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ જે કિસ્સામાં બદલી પામેલ શિક્ષકને છુટા કરેલ નથી તે જગ્યા ખાલી દર્શાવવી અને જયાં હુકમ થયેલ છે પરંતુ શિક્ષક હાજર થયેલ નથી. તે જગ્યા ભરેલી ગણવાની રહેશે તે ધ્યાને રાખી વધ ઘટ કેમ્પમાં જગ્યાઓ દર્શાવવાની રહેશે.જો કોઈ જિલ્લામાં કોઈ પણ જગ્યા માટે નામ.હાઈકોર્ટ દ્વારા વચગાળાના હુકમથી જે તે જગ્યા ખાલી રાખવા માટે હુકમ કરેલ હોય અને કેસનો આખરી ચુકાદો આવવાનો બાકી હોય તેવા કિસ્સામાં નામ.હાઈકોર્ટના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેથી નામ.હાઈકોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

નોંધ ઉપર નિયામકશ્રીના આદેશાનુસાર

બિડાણઃ- ઉપર મુજબ

(ડૉ.ગૌરાંગ વ્યાસ )
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

**સવિનય નકલ રવાનાઃ-**

- અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારિતા,પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય, ગુજરાત સરકાર
- અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી રાજયકક્ષાના મંત્રીશ્રી,પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-૨, ગુજરાત સરકાર
- અંગત સચિવશ્રી, માન. અગ્રસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર